


## સલામી સવારની..

*ગંભીર ગુન્હેગારો લાગવગે હસાઈ જાય છે,*
*અમે 'મસી' જેવા પોલીસ છીંડે ફસાઈ જાય છે,*
*કસાઈ જાય છે જાળ ફાંસીની, કીડી પર કટક -*
*મુક્ત ફરે 'મહેશો'ને નિર્દોષ રૅંસાઈ જાય છે...*

### હાઈકુ

*ભજીયાંવાળા,*
*એન 'ચા'વાળા થકી -*
*લોક લારીએ...*

*હાલ-હવાલ,*
*ને પ્રજા પાયમાલ -*
*નોટબંધીથી...*

## ચિંતન

***બિન ગુર હોઈ કિ ગ્યાન, ગ્યાન કિ હોઈ બિરાગ બિનુ ।***
***ગાવહિ બેદ પુરાન, સુખ કિ લહિઅ હરિ ભગતિ બિનુ ॥***

ઉપરોક્ત ચોપાઈ ઉત્તરકાંડમાંથી લેવામાં આવેલ છે..

ગુરુ વિના જ્ઞાન પ્રાપ્ત ન થાય અને તે જ્ઞાન પ્રાપ્તિ થવા માટે જીવનમાં વૈરાગ્ય જરૂરી છે. તેમ હરિ ભક્તિ વિના ક્યાંક સુખ શાંતિ મળે નહિં, એમ વેદ અને પુરાણ કરે છે.

સાંસારિક વાસનાઓ હોય કે સુખભોગની ઈચ્છાઓ હોય - જયાં સુધી તેનો સંપૂર્ણ 'સંતોષ' કારક ભોગવટો ભોગવાય નહીં ત્યાં સુધી ઈચ્છા - વાસના અપૂર્ણ રહે છે. પરંતુ જયાં સુધી તેના પ્રત્યે 'તિરસ્કાર' ન જન્મે ત્યાં સુધી તેનો ત્યાગ શક્ય નથી બનતો.

આશ્રમનો નિયમ હતો 'ચા' ન પીવી. એક શિષ્ય છુપાઈને દરરોજ 'ચા' પીવા જતો. ગુરુને ખબર પડી. એક મોટો જગ ભરી તેના માટે ચા તૈયાર કરાવી. પાંચ-સાત કપથી તેનું પેટ ભરાઈ ગયું. ગુરુએ આજ્ઞાપૂર્વક ફરજીયાત બીજા પાંચ કપ પીવડાવ્યા. વોમીટ થઈ, એ પણ પી જવા આજ્ઞા કરી. સ્થિતિ એવી થઈ ચા જોતાં જ તેને 'વોમીટ' થવા લાગી. પછી જિંદગી ભર એણે 'ચા' ન પીધી. વૈરાગ્ય આવી ગયો.

## સુવિચાર

- કલ કા દિન કિસને દેખા હૈ, આજ કા દિન હમ ખોયેં ક્યોં...
  જિન ઘડિયોં મેં હસ સકતે હૈ, ઉન ઘડિયોં મેં રોયે ક્યોં - **સાહિર લુધિયાનવી**
- આપણી કમનસીબીઓને જેટલી વધુ વાગોળીયે
  એટલી આપણને તે વધુ નુકશાન કરે છે - **બરાક ઓબામા**
- કણ અને ક્ષણની જેને કિંમત છે તેને મણ જેટલું મળે છે - **અમૃતબિંદુ**
- દુનિયાની સસ્તામાં સસ્તી ચીજ કઈ...?
  પૈસા આપીને જે ચીજ ખરીદી શકાય તે ચીજ સસ્તામાં સસ્તી - **એસ. ભટ્ટાચાર્ય**
- જેમ વધુ જાણીએ તેમ અજ્ઞાનનું ભાન જ વધુ થાય છે - **વજુ કોટક**
- જ્ઞાનનો ફેલાવો થઈ શકે છે... ડહાપણનો નહીં - **અરબી કહેવત**
- આજનું ઔષધ : મહિલાઓમાં શ્વેતપ્રદરની બીમારીમાં રોજ બે કેળા ખાવાથી લાભ થાય છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

ઘણા વેપારી, પૂજારી, સેવા-સત્સંગી, ભગત-સ્વાધ્યાયી - લોકો, જપ-તપ-અપવાસ-માળા-કથાઓ-મંદિર-મસ્જિદમાં પગપાળા યાત્રા - બધું જ કરે પણ - હોય છે ઠેરના ઠેર, એમને પોતાને જ પોતાની આધ્યાત્મિક પ્રગતિ દેખાતી નથી.

એક સત્સંગીએ નિખાલસપણે સંતને પૂછ્યું સ્વામીજી હું નિયમિત સત્સંગમાં આવું છું કથા સાંભળું - વ્રત - વગેરે કરું છું પણ મારું જીવન બદલાયું હોય એમ મને સ્હેજે લાગતું નથી, એમ કેમ? સ્વામીએ પૂછ્યું તમે રહો છો ક્યાં ? ભગત કહે અહીંથી દસ કિ.મી. દૂર ગામડે - સ્વામી : ત્યાં તમે કેવી રીતે જાવ છો ? ચાલીને, પગપાળા - ભગતે જવાબ દીધો. સ્વામીજી કહે - તમને ઘરનું સરનામું - જવાનો હસ્તો બધું જ ખબર છે, પણ અહીં બેઠાં બેઠાં ઘરે પહોંચી શકો? ભગત : સ્વામીજી એ કેમ બને ઘરે પહોંચવા માટે મારે જાતે ચાલવું તો પડે ને!!

સ્વામી કહે તમારા પ્રશ્નનો પણ આ જવાબ છે - સત્સંગ - ભક્તિ - જપ-તપ એ બધાં સરનામું - રસ્તો બતાવે છે બાકી એ જ્ઞાનની સમજ મુજબ તમારે જીવન વ્યવહારમાં આચરણ પણ કરવું પડે. કોઈ વેપારી સત્સંગમાં આવે પણ પછી પાછો દિ' લોકોને છેતરે - વેતરે એમાં પરિવર્તન કયાંથી આવે ? સત્સંગ જીવનમાં ઉતારવો જોઈએ.

# મહેસાણા રેલી : કોંગ્રેસ માટે આશાનું કિરણ

એક તરફ શાસક ભારતીય જનતા પાર્ટી આગામી વિધાનસભાની ચૂંટણીઓ સંદર્ભે નોટબંધી મુદ્દાનો ગરીબોને આકર્ષવા માટે વધુમાં વધુ ઉપયોગ કરી લેવા કૃતસંકલ્પ છે તો સામે પક્ષે આ જ મુદ્દે મુખ્ય વિપક્ષ કોંગ્રેસ પણ આ જ મુદ્દે ગરીબોને ભ્રમમાં નાખી શાસક પક્ષ અમીરોની તિજોરીઓ તર કરવા માગતો હોવાનો ધુંઆધાર પ્રચાર કરી રહ્યો છે. ગુજરાત આગામી વર્ષ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી લઈ વિપક્ષના કર્ણધાર રાહુલ ગાંધી અને કોંગ્રેસ હાઈકમાંડમાં વર્ચસ્વ ધરાવતા ગુજરાતી નેતા અહમદ પટેલના વજૂદનો લિટમસ ટેસ્ટ પુરવાર થવાનું છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી મુદ્દત પીરી થયા પહેલાં જ આટોપી લેવા અંગે શાસક ભારતીય જનતા પાર્ટી ભારે ગડમથલ અનુભવી રહેલ છે. સત્તા પરિવર્તન પછી નવા સુકાની વિજય રૂપાણી ઉપરાંત પાર્ટીના નવા યુવા અધ્યક્ષ જિતુ વાઘાણી માટે આગામી ચૂંટણીઓ મોટા પડકાર સમી બની રહેવાની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે ગુજરાતમાં પાર્ટીનો વિજય અપાવવો તે નાકનો સવાલ છે, પરંતુ પાટીદાર આંદોલન પછીની ઘટનાઓ અને અલ્પેશ ઠાકોર તથા જિજ્ઞેશ મેવાણી જેવા નવા નેતાઓના ઉદય પછી પ્રજામાં ભારતીય જનતા પાર્ટી પ્રત્યેની પરંપરાગત શ્રદ્ધામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળે છે. સરકારી તેમજ બિનસરકારી સર્વેક્ષણો આ મુદ્દે ચિંતાજનક અહેવાલો આપતા રહ્યા છે. સવિશેષણ ઉત્તર ગુજરાત લગભગ ભાજપના હાથમાંથી સરકી જઈ રહ્યું હોય એવું વાતાવરણ બંધાઈ રહ્યું છે. આ પરિસ્થિતિનો અંદાજ મેળવવા વિપક્ષ કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી જાતે ઉત્તર ગુજરાતના નર્વ સેન્ટર મહેસાણા ખાતે વિશાળ રેલી યોજી રહ્યા છે અને આ રેલી પછી ઉત્તર ગુજરાતમાં કોંગ્રેસ તરફી માહોલ દઢીભૂત થશે એવી અપેક્ષા સેવાઈ રહી છે પાટીદાર આંદોલનનો સૌથી વધુ પ્રભાવ ઉત્તર ગુજરાતમાં અને એની અસર ધરાવતા વિસ્તારોમાં વરતાયો છે. આ બાબતની પાર્ટીના પ્રદેશ કક્ષાના બિન-પાટીદાર નેતાઓ સહિત અહમદ પટેલ જેવા રાષ્ટ્રીય નેતાએ નોંધ લીધી છે અને તેથી જ એમણે

**તંત્રીસ્થાનેથી...**

વિધાનસભાની ચૂંટણીની પૂર્વતૈયારીનો શુભારંભ મહેસાણાની વિશાળ જનસભાથી કરવાનું વિચાર્યું હશે. ઉત્તર ગુજરાત એ મોદીનું માદરેવતન જ નહીં બલકે ભારતીય જનતા પાર્ટીના ગઢ સમુ રહ્યું છે. મહેસાણાના સંસદની બેઠક છેલ્લાં ઘણાં વર્ષોથી ભાજપના કબજામાં રહી છે. આવા ભાજપના ગઢમાં રાહુલ ગાંધીનો પ્રવેશ કેટલો શુકનિયાળ કે અસરકારક નીવડશે તે તો સમય જ કહી શકશે. અલબત્ત, કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા કહે છે તેમ કોંગ્રેસ માટે કદાચ આ છેલ્લી ટ્રેન છે. બની શકે કે એ પૂરપાટ ઝડપ પકડી લે અને ઉત્તર ગુજરાતના જ વડાપ્રધાનની કારકિર્દીનાં વળતાં પાણી થાય. મહેસાણાની રેલીને સફળ બનાવવા માટે કોંગ્રેસના તમામ પ્રાદેશિક અગ્રણીઓ આકાશપાતાળ એક કરી રહ્યા છે, તે કોંગ્રેસમાં પ્રવર્તી રહેલ જૂથબંધી ઓછી થઈ હોવાનો સંકેત છે.

# આસ્થાને તું જે નામે કે રૂપે સમજવી હોય તેમ સમજ...

કાર્તિકેય આજ ખુબ થાકી ગયો હતો. પ્રવાસમાંથી આવ્યા પછી ઘર ખર્ચના રૂપિયા માટે સવારથી કેટલા એટીએમના આંટા માર્યા. લાઈનમાં ઊભો રહ્યો ત્યારે માંડ બે હજારની ગુલાબી નોટ હાથમાં આવી. તેણે વિચાર આવ્યો કે ગજાનન ગાંઠીયાવાળા પાસેથી ચોંત્રીસ લાખની નવી નોટો પકડાઈ તેણે ગણેશની જેમ ચાલાકી વાપરી અને હું આખી પૃથ્વીની પ્રદક્ષિણા કરવા ગયો.

'કાર્તિક બેટા આવી ગયો ?' પાર્વતીબેને પુછ્યું.

'હાં'

'રૂપિયા મળ્યા ?

'બે હજાર મળ્યા છે. તેનાથી હમણાં ચલાવવું પડશે.' કાર્તિકે માંના હાથમાં બે હજારની નોટ મૂકતા કહ્યું.

'સારું, પણ હમણાં સોમેશ્વરનો ફોન હતો. તારો મિત્ર નિલેન્દુ ઘણા દિવસથી બિમાર છે. એમ કહેતા હતા.' 'હાં, બા મને પણ તેના પાડોશી શિવશંકર ભાઈ મળેલા તેમણે વાત કરી. ન્હાઈ ધોઈ ફ્રેશ થઈને એના ઘર તરફ જઈ આવીશ.'

ઘરનાં કામકાજ અને પ્રાતઃક્રિયાઓમાંથી પરવારી કાર્તિક સીધો તેના મિત્રના ઘરે પહોંચ્યો. કુશળ-ક્ષેમ અને તબિયત સુધારા પર છે તે જોઈ તેને સંતોષ થયો. ઔપચારિક વાતચીત દરમિયાન તેની નજર પડખાં તરફ ગઈ. તે ચોંક્યો. તેણે પોતાના મિત્રને પુછ્યું.

'નિલેન્દુ, તારા પડખામાં આ તસ્વીર ? મારો કહેવાનો મતલબ એ છે કે તું... તસ્વીર. મૂર્તિ કે ઈશ્વરના અસ્તિત્વમાં માનતો નહોતો. તો પછી આજ આ પરિવર્તન?'

આ પ્રશ્નના જવાબમાં તેણે પોતાની બિમારીના દિવસોની વાત મિત્રને કરતાં કહ્યું, 'હું જયારે બિમાર પડી ગયો ત્યારે ઘરમાં કોઈને મારી બચવાની બિલકુલ આશા લાગતી નહોતી. બધાં દુઃખી અને હેરાન પરેશાન થઈ ગયેલ. માં અને પત્નીનાં તો રડી રડીને આંસુ સુકાતાં જ નહોતા.'

'ઘરની આ હાલત કઈ રીતે સુધરે ? કરવું પણ શું ? કોણ કરે ? આર્થિક પરિસ્થિતિ પણ કથળવા લાગેલી. તેથી સારવાર પણ સારી રીતે થાય એની સંભાળવા દેખાતી નહોતી. ઈલાજનો ખર્ચ કયાંથી કાઢવો ? શું કરવું ને શું ન કરવું કંઈ સમજ પડતી નહતી. બધાં આ પ્રશ્ન અને તનાવમાં ગુંચવાતાં હતા. કોઈને કંઈ રસ્તો સૂઝતો ન હતો.'

માં તો એમ કહેતાં કે આ બધું તારા નાસ્તિક હોવાનું પરિણામ છે. મોટો પ્રગતિશીલ બની ફરે છે.

પત્ની વળી જુદી રીતે વિફરતી. 'તમે અંધકારમાં જીવો છો. જયાં સુધી ઈશ્વરની કૃપાના પ્રકાશમાં નહીં જાય ત્યાં સુધી સ્વસ્થ નહીં થાય.'

મને ખબર હતી કે સાજો તો હું દવાથી જ જઈશ. પણ કુટુંબીઓના આસ્થા અને ભાવનાનો વિચાર કરી મેં તેમની વાત માની લીધી. અને આ ફોટો મારી પડખે મુકી દેવામાં આવ્યો. તેનાથી બીજો કંઈ ફાયદો થયો કે નહીં એની તો મને ખબર નથી પરંતુ મને એમ લાગે છે કે ડુબતાંને તરણાંનો સહારો મળી ગયો. મારો આત્મવિશ્વાસ વધી ગયો.




તેમાં વળી એવું બન્યું કે એક દિવસ અમારે આંગણે એક સાધું આવ્યા. મારી માં એ કદાચ મારા રોગ બાબતમાં તેમને વાત કરી હશે. તેમણે જડીબુટ્ટીઓમાંથી બનાવેલ કોઈ દવા માં ને આપી. જેનાથી ધીરે ધીરે હું સાજોનવરો થયો ગયો છું. હવે તો એંસી ટકા તબિયત સારી છે.'

'એ તો જોઈ જ શકાય છે.'

'તું તો બહારગામ ગયેલો ખરું ને ?'

'હાં, હું હોઉં તો તને મલવા આવ્યા વિના રહું જ કઈ રીતે. તારા સમાચાર મને શિવશંકરભાઈએ આપ્યા. ઘેર આવ્યો તો માં એ મને કહ્યું પણ તું આમ ઈશ્વરીય શ્રદ્ધા રાખતો થઈ જઈશ એ વાત મારા તો માનવામાં જ આવતી નથી.'

'આ તો ભાઈ કુટુંબના બધા ને વિશ્વાસ છે કે ઈશ્વરની કૃપાથી હું સ્વસ્થ થઈ રહ્યો છું.'

'તમે શું લાગે છે ?' કાર્તિકે તેને સીધો જ પ્રશ્ન કર્યો.

'હું તો એમ સમજું છું કે મારી માં અને પત્નીની આસ્થા અને વિશ્વાસે મને સાજો કર્યો છે. એ આસ્થાને તું જે નામે કે રૂપે સમજવી હોય તેમ સમજ.'

# લવિંગ લાઈફ - ટર્નિંગ પોઈન્ટ ઓફ લાઈફ

હૉલિવૂડની ફિલ્મોની ટૉપ-ટેનમાં પણ નંબર-વન હિરોઈન જેનિફર લૉરેન્સ (જ.તા. ૧૫ ઑગસ્ટ, ૧૯૯૦) કહે છે કે ''મારા માતા-પિતાના લાડભર્યા ઉછેરના કારણે મારે સંઘર્ષની સ્થિતિમાંથી પાર થવાનું આવ્યું નથી. પરંતુ જ્યારે જ્યારે મારે લાઈફમાં લવ ઍન્ડ ઈમૉશન્સ્ એડ કરવાનું આવ્યું ત્યારે ત્યારે ચોક્કસ હું સંઘર્ષની સ્થિતિમાંથી પસાર થઈ જ છું. ખરેખર પ્રેમ તમને જિંદગીમાં ઘણું બધું શીખવી જાય છે, મળે ત્યારે પણ અને ના મળે ત્યારે પણ.''

જેનિફર લૉરેન્સે કબુલ કરેલું છે કે તેને બે વાર બ્રૅક-અપની અસહ્ય સ્થિતિમાંથી ગુજરવું પડ્યું હતું. હવે તે સાચો પ્રેમ પામીને શેટલ્ડ હોવાનું કહી રહી છે. સને ૨૦૧૬ની દુનિયાની મૉસ્ટ હાઈએસ્ટ-પેઈડ ઍક્ટ્રેસ તરીકે જેનિફર લૉરેન્સનો રેકૉર્ડ છે. તેની ફિલ્મનો વર્લ્ડવાઈડ બિઝનેસ એવરેજ ૫ બિલિયન યુ.એસ. ડૉલર થાય છે. તે સૌથી ઓછી ઉંમરની અભિનેત્રી તરીકે પણ એવો રેકૉર્ડ સ્થાપિત કરી ચુકી છે કે જેને માત્ર ૨૬ વર્ષની ઉંમરમાં જ ચાર-ચાર વખત એકેડમી ઍવૉર્ડ નૉમિનેશન મળ્યું હોય.

પુરુષ માટે પ્રેમ કદાચ સહજ બાબત છે પરંતુ સ્ત્રી માટે પ્રેમ એ લાઈફનો મૉસ્ટ ઈમ્પૉર્ટન્ટ ટર્નિંગ પૉઈન્ટ છે. સ્ત્રી માટે પોતાના મનોવિશ્લેષણની જાણે થૉટ-પ્રૉસેસ છે. સ્ત્રી સહેલાઈથી કોઈના પ્રત્યે આકર્ષાતી નથી કે જલદીથી કોઈ પ્રત્યે પ્રેમ વ્યક્ત પણ કરતી નથી. સ્ત્રી માટે પ્રેમ એ 'ચેલેન્જ ઑફ હાર્ટ' છે. સ્ત્રી લાંબુ વિચારે છે. કદાચ તેને કોઈ પુરુષ ગમી જાય તો પણ જલદીથી પ્રેમનો માર્ગ પસંદ કરતી નથી.

કદાચ પ્રેમના પ્રસ્તાવની પહેલ પુરુષે કરવી પડે છે. આજે તો લવ-સીન સિનેમાથી આગળ વધીને ટેલી-સિરિયલ્સ્ સુધી એવો લંબાઈ ગયો છે કે ટીનેજર્સ હોય કે મેચ્યૉર્સ—ભરબપોરે પણ સપનાં જોઈ લે છે. આજે લગ્ન-વયમાં પ્રવેશેલી કન્યાને કે લગ્નોતેસુક યુવકને પોતાની ન્યાત યા જ્ઞાતિમાંથી જ લગ્ન કરવાનું કહેવામાં આવે તો તેઓ પરગ્રહની વાત સાંભળતા હોવાનું ફિલ કરે છે. તેમની પાસે હવે મુનશી કે મેઘાણીના સમયના જવાબની આશા રાખવી વ્યર્થ છે.

આજના ટીનેજર્સ કે યંગસ્ટર્સ કહે છે કે ''માય લાઈફ, માય ચૉઈસ, માય રૂલ્સ્. જ્યારે મારી ઉંમર લગ્ન કરવા યોગ્ય થશે ત્યારે હું મારી ચૉઈસથી મૅરેજ કરીશ. આજના જમાનાની આ તાસીર છે.''

પ્રેમ નામની ફિલિંગ્સ્ સાવ સહેલી અને સરળ પણ છે, તો આ

> **પુરુષ માટે પ્રેમ કદાચ સહજ બાબત છે પરંતુ સ્ત્રી માટે પ્રેમ એ લાઈફનો મૉસ્ટ ઈમ્પૉર્ટન્ટ ટર્નિંગ પૉઈન્ટ છે. સ્ત્રી માટે પોતાના મનોવિશ્લેષણની જાણે થૉટ-પ્રૉસેસ છે, સ્ત્રી સહેલાઈથી કોઈના પ્રત્યે આકર્ષાતી નથી કે જલદીથી કોઈ પ્રત્યે પ્રેમ વ્યક્ત પણ કરતી નથી, સ્ત્રી માટે પ્રેમ એ 'ચેલેન્જ ઑફ હાર્ટ' છે**

ફિલિંગ્સ્ સમજવામાં જિંદગી પણ ખર્ચાઈ જતી હોય છે. એક પ્રકારના લોકો માને છે કે પ્રેમ કરવો સહેલો છે. બીજા પ્રકારના લોકો પ્રેમને અટપટો અને અઘરો ગણાવે છે. ત્રીજા પ્રકારના લોકો સમજે છે કે દુનિયામાં પ્રેમ જેવું કશું જ નથી અને માત્ર વિજાતિય આકર્ષણ જ છે. ચોથા પ્રકારના લોકો એમ માને છે કે પ્રેમ હંમેશા તકલીફ જ આપે છે. પ્રેમમાં મિલન અને વિરહ વચ્ચે જિંદગી શટલ-કૉકની જેમ અથડાયા કરે છે, અટવાયા કરે છે.

પ્રેમ એટલે શું? બૉલિવૂડની સિનેમા ''કર્ઝ''માં ઍક્ટર રિષિ કપુર (સ્વર-કિશોરકુમાર) ગાય છે કે ''વો ના કહે તો ખુદકુશી કર જાઉંગા મૈં યારો, વો હા કહે તો ખુશી સે મર જાઉંગા મૈં યારો...'' પ્રેમનો એકરાર કેટલો માદક અને ઘાતક છે એ સમજવા માટે પણ પ્રેમ થવો જોઈએ. પ્રેમ જીવાડે પણ છે અને પ્રેમ મારી પણ નાખે છે. ''મારી નાખે...'' એ નેગેટિવ મેનરમાં નહીં. પ્રેમની અનુભૂતિ માણસને આખેઆખો બદલી નાખે છે. માણસ પહેલા જેવો હતો, એવો રહેતો નથી. એનામાં પ્રેમની પાવક જ્યોત પ્રજ્વલિત થાય છે. એના રોમ-રોમમાં પ્રેમની ઊર્જાનો સંચાર થાય છે. પ્રેમની ઊર્જા વ્યક્તિને ખરા અર્થમાં જીવાડી જાય છે.




પોતાની જાતને પ્રેમ કરતાં શીખી જવાય એટલે આપોઆપ બીજી વ્યકિત પ્રત્યે પ્રેમ થાય છે. કોઈ મનગમતી વ્યક્તિ સાથે એક એવી ક્ષણ આવે છે કે ત્યારે અલપઝલપ મુલાકાતમાં જ એ વ્યકિત માટે મેજિક-ફિલિંગ્સ્ થાય છે. પ્રેમનો ઉભરો બહાર નીકળી આવે છે. સ્ત્રી જ્યારે પ્રેમ કરે છે ત્યારે એમાં સંપૂર્ણતા આવી જાય છે. પુરુષ જ્યારે સ્ત્રીને ચાહવા લાગે છે ત્યારે તેનું પ્રમુખ કારણ ફક્ત બાહ્ય આકર્ષણ જ હોય છે. ટૉટલ-લવ અથવા ડીવાઈન-લવ એ તો પછીના ક્રમે આવે છે. જ્યારે સ્ત્રી પ્રથમથી જ ટૉટલ-લવની ફિલિંગ્સ્ રાખે છે. (૧) સ્ત્રીના માનસને, (૨) (૨) પ્રેમમાં પડેલી સ્ત્રીના માનસને તથા (૩) પ્રેમ થયા પછી લગ્ન કરનારી સ્ત્રીના માનસને પુરુષ કદી સમજી શકતો નથી. આ બાબતને સમજીએ કે એમાં એક રેખાના પ્રારંભિક, મધ્યમ અને અંતિમ બિંદુ જેટલો ફરક છે. આવી રેખા આમ તો સીધી જ દેખાતી હોય છે. પરંતુ દરેક બિંદુ ઉપર સ્ત્રીની માનસિકતા અલગ અલગ હોય છે.

લગ્ન પછી સ્ત્રી તેના પતિને પ્રેમ કરે છે. એ પ્રેમમાં સંપૂર્ણ અધિકારની વાત આવે છે. આની શરૂઆત લગ્ન પછીના ચાર-પાંચ મહિનામાં જ થઈ જાય છે. પુરુષ જ્યારે ઘરની બહાર નીકળે છે અને સાંજે ઘરે પાછો ફરે છે, ત્યાં સુધી સ્ત્રી એમ જ ઈચ્છતી હોય છે કે આખા દિવસ દરમિયાન મારા પુરુષ ઉપર મારો અધિકાર રહેવો જોઈએ. આ પણ એક પ્રકારનો પ્રેમ છે. પ્રેમમાં પઝેશિવનેસ આવી જાય છે. આ એક પ્રકારનો માઈલસ્ટૉન પણ છે. આ માઈલસ્ટૉન જ નક્કી કરે છે કે પ્રેમની ગાડી બરાબર ચાલે છે કે નહીં? લગ્ન પછી કોઈક પાત્ર આવી પઝેશિવનેસ સ્વીકારી લે છે, તો કોઈક પાત્રને આ બાબત જેલના કેદી જેવી પણ લાગે છે.

***સ્ટોપર:—***

**''જોયા કરો છો કેમ તમે મારા મૌનને?**
**શું મેં કશું કહ્યું છે ખરેખર કહ્યા વિના?''**

**- 'મરીઝ'**

# 'બાર્ટર'ની બોલબાલા...!! એક હાથ દે, એક લે લે, યે પ્યાર કા હૈ દસ્તુર...!!

'બાર્ટર' એટલે કે સાટા પદ્ધતિ, એક વસ્તુ આપો આને સામે બીજી લઈ જાવ. આજે જેઓ જીંદગીની હાફ સેન્ચુરી મારી ચૂક્યા છે એ સૌએ આ વાત જોઈ, જાણીને અનુભવી હશે. ગામડા ગામમાં દાણા આપીએ એટલે સામે જોઈતું કરિયાણું મળે. ગામનો વાળંદ પણ આખું વર્ષ મફત સેવા આપે અને એને એના ભાગના દાણા વર્ષે મળે. કોઈ પટેલ-રબારીની ખેતી હોય તો શાકભાજી-કેરી બધું મળી રહેતું.



અઠવાડિયે એકવાર બજાર ભરાય ત્યાં પણ ઘઉં, જુવાર, બાજરી કે કપાસ-મગફળીના બદલામાં એની કિંમત અનુસાર વસ્તુ વિનિમય થયો. આપણી પાસે જે વસ્તુ હોય તે આપવાની અને સામે જે જોઈતી હોય તે એના દામ પ્રમાણે મેળવવાની. પ્યાલા-બરણીવાળા, બુદ્ધિના બાલવાળા કે ભંગારવાળા હજુ પણ આ પદ્ધતિ પ્રમાણે કામ કરે જ છે. આજે આ વાત અચાનક એટલે યાદ આવી કે નોટબંધી પછી જયારે સામાન્ય પરિસ્થિતિ હજુ થાળે પડતી નથી, ચોવીસ કલાક પાણીની જગ્યાએ જેમ બે કલાક પાળી મળે તો ફુવારાથી નહાતો માણસ એકાદ ડોલ પર આવી જાય એમ જ અત્યારે કેશ ફલો અટકી જતાં બધાં જ લોકો જરૂરિયાત વગરનો ખર્ચો કરતાં અટકી ગયાં છે. ત્યારે જુનો જમાનો અને પદ્ધતિ યાદ આવી કે વસ્તુના બદલામાં વસ્તુ મળતી હોત તો ?

આપણી પાસે હોય એ વસ્તુ કે સેવા આપવી છે, અને સામે પક્ષે એ વસ્તુ કે સેવા લેવી છે, એવી આ પરસ્પર જરૂરિયાત માટેની સેવા (આમ તો ધંધો) કોઈ સાથે ઓળખાણ વગર કે સંપર્ક વગર થઈ શકે? એ દુકાન કે માર્કેટમાં ગયા વગર ડાયરેક્ટ રોકડા ગણ્યા વગર અને એય પાછું બજારભાવ કરતાં ઓછી કિંમતે મળી શકે ? આ વિચાર-વાતો રોમાંચિત લાગતી હતી. પણ... યસ, છેલ્લા ચાર-ચાર વર્ષોમાં ઈન્ટરનેટ કનેક્ટિવીટીને કારણે, ઓનલાઈન શોપિંગને કારણે આ નવી 'બાર્ટર' સિસ્ટમ લાઈફમાં આવી છે.

યુવાન ઉદ્યોગપતિ માટે સ્ટાર્ટ અપ ઈન્ડિયા કે એપ્સ સાથે પોતાનો ધંધો કરવા મથતા યુવાનોને તો આ 'નોટબંધી' જોરદાર ફળી છે. આજે સામાન્ય જનતા પ્લાસ્ટિક મની કે ઓનલાઈન, નેટ બેકીંગ જેવી સિસ્ટમ મજબુરીમાં સમજવા લાગી છે. એક્સચેન્જ ઑફર એ શું છે, એક પ્રકારનું બાર્ટર જ ને ? ચોપડી આપો કૉફી પીઓ, ફોન આપો ટેબ્લેટ લઈ જાવ, ટામેટા આપો ખાતર લઈ જાવ... આવું બધું સાંભળીને નવાઈ લાગે ને ? પણ, અત્યારે આ બધું જ થઈ રહ્યું છે.

> **ખબર ન હોય ને કંઈ પણ બબડતા આવડી ગ્યું છે,**
> **તને ખાલી ચણા જેવું ખખડતા આવડી ગ્યું છે!**
> **- રવિ દવે 'પ્રત્યક્ષ'**

બેંકના ખાતામાં રૂપિયા છે, પણ ખીસ્સું ખાલી! માત્ર બે હજાર મળી શકે, સાચું કહીએ તો એટલા રૂપિયામાં જીવન જરૂરી વસ્તુઓથી ચાલી જ શકે. બાકી કેડીક કાર્ડ - ડેબિટ કાર્ડ અપનાવોને. આપણા ગામના લોકો કેટલા સ્માર્ટ છે જુઓ, તેઓ ગામડેથી શહેરમાં શાકભાજી વેચવા લોડિંગ રીક્ષા કરીને આવે ત્યારે રૂપિયા કયાંથી હોય ? તો બદલામાં શાકભાજી આપે, પેલો ખુશીથી લઈ લે, બંનેનું કામ થઈ જાય. ઑકે, શહેરમાં એક ભાઈએ ટેક્ષીમાં પ્રવાસ કર્યો, સાડા ત્રણસો રૂપિયા થયા, છૂટ્ટાની રામાયણ. પ્રવાસીએ સામેના મોલમાં જઈને એ ડ્રાઈવરને જોઈતી કરિયાણાના વસ્તુ કાર્ડ ઘસાવી અપાવી દીધી, બંને રાજી.

નોટબંધીના અચાનક નિર્ણયને કારણે અનેક શ્રીમંત લોકો પણ 'ગરીબ' બન્યા જેઓ અનુભવ કરવા લાગ્યા. ત્યારે જેમણે આ વસ્તુ વિનિમય કરેલો એમને એમનો જુનો અનુભવ અને દિવસો યાદ આવી ગયા. આપણે મોર્ડન ટેકનોલોજી તરફ જઈએ છીએ કે ફરી જુના દિવસો તરફ એવો પ્રશ્ન પણ થયો પણ એક હકીકત એ પણ છે કે આ નોટબંધીને કારણે સૌથી વધુ યુવાનો ખુશ છે. કારણ કે એમને કેશલેસ વ્યવહારને કારણે નવો બિઝનેશ અને પુષ્કળ તક દેખાી રહી છે.

દુનિયા જયારે મોબાઈલમાં સમાઈ રહી છે. વિવિધ વેબસાઈટ એની એપ્સ લોડ કરાવે છે જેથી સેફ પચચેઝીંગ થઈ શકે, કેશની જરૂર નહીં. ક્રેડીટ મળે, એમાંથી બોનસ પોઈન્ટ, એ પોઈન્ટમાંથી ફરી ગિફ્ટ, એક્સચેન્જ ઑફર, ક્રેડીટ કાર્ડ ડિસ્કાઉન્ટ જેવો સરવાળો કરતાં માર્કેટ કે મોલ કરતાં વસ્તુ ખાસ કરીને ઈલેક્ટ્રોનિક્સ અવશ્ય સસ્તો સોદો સાબિત થાય છે.




જૂનાની સામે નવી વસ્તુ, એ પણ જૂની સિસ્ટમ જ છે. તાંબા-પિત્તળના વાસમઓ જૂના થાય એટલે ભંગારમાં આપી સામે નવાં ખરીદવાનાં. સોનાના દાગીના પણ એ રીતે મળે. મોલ કલ્ચરમાં પણ જૂના કપડાં સામે નવાં કપડાં કે પસ્તી ભંડાર સામે કરિયાણું - ખાંડ જેવી બાર્ટર સિસ્ટમ ચાલુ જ છે. માત્ર આ બધામાં જૂની વસ્તુની કિંમત વળતર કાપી ડિફરન્સના પૈસા ચૂકવવા પડે, સરવાળે એનો ધંધો થાય, આપણી વસ્તુ નીકળી જાય, રોકડાની ચિંતા નહીં. ડુપ્લીકેટ કે ફાટેલી નોટોની ફીકર નહીં... સફેદ અને સ્પષ્ટ વહેવાર એટલે તુમ ભી ખુશ હમ ભી ખુશ.

રૂપિયાનું ચલણ વ્યવહારમાં આવે કંઈ બહુ વર્ષો નથી થયા. જયારે આ ચલણ જ વ્યવહારમાં નહોતું ત્યારે પણ એ જમાનાના લોકો વ્યવહાર તો કરતાં જ હતા. પોતાની પાસેની વસ્તુ આપવાની સામે જરૂરિયાતની લેવાની, એમને એ શોધવું પડ્યું હતું કારણ એ જમાનાની જરૂરિયાત હતી. પણ ત્યારેય કોઈનું કામ અટકી પડેલું નહોતું. પણ એ સિસ્ટમ બધાંને તકલીફ દાયક એટલે હતી કે આપણે એ વસ્તુ શોધેલી એ સમય-ગરજ પ્રમાણે નફો-નુકશાન થતું અને એટલે જ ચલણ અસ્તિત્વમાં આવ્યું.

રૂપિયાનું ચલણ વ્યવહારમાં આવે કંઈ બહુ વર્ષો નથી થયા. જયારે આ ચલણ જ વ્યવહારમાં નહોતું ત્યારે પણ એ જમાનાના લોકો વ્યવહાર તો કરતાં જ હતા. પોતાની પાસેની વસ્તુ આપવાની સામે જરૂરિયાતની હતી. પણ ત્યારેય કોઈનું કામ અટકી પડેલું નહોતું. પણ એ સિસ્ટમ બધાંને તકલીફ દાયક એટલે હતી કે આપણે એ વસ્તુ શોધવી એ સમય-ગરજ પ્રમાણે નફો-નુકશાન થતું અને એટલે જ ચલમ અસ્તિત્વમાં આવ્યું.

રૂપિયાએ ઘણાં વર્ષો સામ્રાજય કર્યું. મોટી નોટો માર્કેટમાં આવતાં 'વ્યવહારો' પણ મોટા થવા લાગ્યાં. પણ પરિસ્થિતિ એવી થઈ કે આડવ્યવહાર વધ્યા અને એમાંથી નીકળવા, સામાન્ય માણસને લાભ એટલે બને ત્યાં સુધી રોકડ વ્યવહાર ટાળવા કેશલેસ કરવા ટેકનોલોજી મદદરૂપ બની રહી છે. ઈન્ટરનેટ કનેક્ટિવીટીના કારણે આજે કોઈ નાનકડાં ગામમાં રહીને, વસ્તુ બનાવીને એનું ઓનલાઈન માર્કેટીંગ - સેલિંગ થઈ શકે છે. ઘરનો બિન-ઉપયોગી કે નવો સામાન લાવવા જુઓ સામાન પણ વ્યાજબી કિંમતે વગર ઓળખાણે વેચી શકાય છે, એ આજના જમાનાની કલામ છે. 'બાર્ટર' પહેલાં પણ થતું હતું. આજેય થાય છે, માત્ર માધ્યમ બદલાયું છે, પણ બાર્ટરની બોલબાલા તો યથાવત છે!

ચૂંટલો :

સંબંધ ટકાવવા પહેલા આટા-સાટા પદ્ધતિ હતી, મામા-ફોઈના દીકરા-દીકરીના સંબંધ હતા. એકબીજાના ઘરે કે ગામ સામાન આપવા લેવાની પદ્ધતિ હતી. હવે એ પદ્ધતિ નવા રૂપે ઈન્ટરનેટ-મોબાઈલમાં આવી છે. વાત એ જ 'બાર્ટર'ની છે. રૂપ બદલાયું છે. ઑલ્ડ વાઈન ઈન ન્યૂ રેપર.

**- pratibhav@sanjaythorat.com**